૩૧ ઓગષ્ટ, ૨૦૧૯

7973

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

**શ્રી મનસુખ માંડવિયા**
**કેન્દ્રિય રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી**
ભારત સરકાર
નવી દિલ્હી.

**વિષય :બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઈ દૂર કરવા બાબત.**

**માનનીય પ્રધાનમંત્રીશ્રી,**

આપની સહકુશળતા ઈચ્છુ છું !

સૌ પ્રથમ આપશ્રી દ્વારા ખેડૂતલક્ષી અને નાના ઉદ્યોગોને સફળ બનાવવા જે નિર્ણય લેવામાં આવ્યા છે અને વહીવટી તંત્રને પારદર્શિતા માટે આપશ્રીને અભિનંદન પાઠવીએ છીએ.

ઉપરોક્ત વિષય બાબતે આપને જણાવવાનું કે ભારત સરકારના નાણામંત્રીશ્રી દ્વારા તા. ૫-૭-૨૦૧૯ના રજુ થયેલ બજેટ મુજબ તા. ૧-૯-૨૦૧૯ થી બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઈ લાગુ કરવામાં આવશે, જેના પગલે ખેડૂતો અને APMCઓને તેમના વ્યાપાર અર્થે રોજ-બરોજના વ્યવહારો તથા ખડૂતોને ઉત્પાદીત માલના વેપાર વ્યવહાર પર પ્રતિકૂળ અસર થવા પામશે. આપશ્રી જાણો છો તેમ ખડૂતો પોતાના રોજીંદા વ્યવહારમાં રોકડની રકમની જરૂરિયાત વધુ રહે છે. જેવા કે બીયારણની ખરીદી, ખાતર, દવાઓ, ખેત મજૂરોને ચૂકવવી પડતી મજુરી, પ્રોસેસીંગ ખર્ચ અને ભાડું વિગેરેની ચૂકવણી રોકડ સ્વરૂપમાં કરવી પડતી હોય છે. રોજબરોજની ઘરવખરીની ચીજ-વસ્તુઓ પણ રોકડમાં જ લેવામાં આવે છે.

માર્કેટ યાર્ડમાં ખેડૂતો જયારે પોતાનો ઉત્પાદીત માલના વેચાણ અર્થે આવે છે ત્યારે તેનું વળતર રોકડમાં સ્વીકારવાનો જ આગ્રહ રાખે છે. જેથી બજેટની જોગવાઇ મુજબ ૨% ટી.ડી.એસ. કપાતની અસર ખેડૂતો કમિશન એજન્ટ પાસેથી રોકડની માગણી કરશે ત્યારે ૨% કપાત ખેડૂતોને ભોગવવી પડશે જેનું ખૂબ મોટું નુકશાન ખેડૂતોને ભોગવવું પડશે અને તેની અસર કમિશન એજન્ટના મહેનતાણા ઉપર પણ પડશે. જેના કારણે આર્થિક વ્યવસ્થામાં રોકડ તંગી ઉભી થશે.

ઉપરોક્ત વિષય પર ગુજરાત ચેમ્બરને વિવિધ માર્કેટયાર્ડ અને APMC તરફથી રજૂઆત મળેલ છે જેમાંથી અમુક આપની જાણ સારુ બિડાણ કરેલ છે. ખેડૂતો અને APMCના ખેતીલક્ષી ઉદ્યોગોના હિતને જોતાં ખેતીલક્ષી વ્યવહારોને ૨% ટી.ડી.એસ.ની જોગવાઇમાંથી બાકાત રાખવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**ભાર્ગવ ઠક્કર**

**ઉપ-પ્રમુખ**

૩૧ ઓગષ્ટ, ૨૦૧૯

7973


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


**શ્રી પુરુષોત્તમ રૂપાલા**
**કેન્દ્રીય કૃષિ અને પંચાયત રાજ્યમંત્રી**
ભારત સરકાર
નવી દિલ્હી.

**વિષય :બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઈ દૂર કરવા બાબત.**

**માનનીય પ્રધાનમંત્રીશ્રી,**

આપની સહકુશળતા ઇચ્છુ છું !

સૌ પ્રથમ આપશ્રી દ્વારા ખેડૂતલક્ષી અને નાના ઉદ્યોગોને સફળ બનાવવા જે નિર્ણય લેવામાં આવ્યા છે અને વહીવટી તંત્રને પારદર્શિતા માટે આપશ્રીને અભિનંદન પાઠવીએ છીએ.

ઉપરોક્ત વિષય બાબતે આપને જણાવવાનું કે ભારત સરકારના નાણામંત્રીશ્રી દ્વારા તા. ૫-૭-૨૦૧૯ના રજુ થયેલ બજેટ મુજબ તા. ૧-૯-૨૦૧૯ થી બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઇ લાગુ કરવામાં આવશે, જેના પગલે ખેડૂતો અને APMCઓને તેમના વ્યાપાર અર્થે રોજ-બરોજના વ્યવહારો તથા ખડૂતોને ઉત્પાદીત માલના વેપાર વ્યવહાર પર પ્રતિકૂળ અસર થવા પામશે. આપશ્રી જાણો છો તેમ ખડૂતો પોતાના રોજીંદા વ્યવહારમાં રોકડની રકમની જરૂરિયાત વધુ રહે છે. જેવા કે બીયારણની ખરીદી, ખાતર, દવાઓ, ખેત મજૂરોને ચૂકવવી પડતી મજુરી, પ્રોસેસીંગ ખર્ચ અને ભાડું વિગેરેની ચૂકવણી રોકડ સ્વરૂપમાં કરવી પડતી હોય છે. રોજબરોજની ઘરવખરીની ચીજ-વસ્તુઓ પણ રોકડમાં જ લેવામાં આવે છે.


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

માર્કેટ યાર્ડમાં ખેડૂતો જ્યારે પોતાનો ઉત્પાદીત માલના વેચાણ અર્થે આવે છે ત્યારે તેનું વળતર રોકડમાં સ્વીકારવાનો જ આગ્રહ રાખે છે. જેથી બજેટની જોગવાઇ મુજબ ૨% ટી.ડી.એસ. કપાતની અસર ખેડૂતો કમિશન એજન્ટ પાસેથી રોકડની માગણી કરશે ત્યારે ૨% કપાત ખેડૂતોને ભોગવવી પડશે જેનું ખૂબ મોટું નુકશાન ખેડૂતોને ભોગવવું પડશે અને તેની અસર કમિશન એજન્ટના મહેનતાણા ઉપર પણ પડશે. જેના કારણે આર્થિક વ્યવસ્થામાં રોકડ તંગી ઉભી થશે.

ઉપરોક્ત વિષય પર ગુજરાત ચેમ્બરને વિવિધ માર્કેટયાર્ડ અને APMC તરફથી રજૂઆત મળેલ છે જેમાંથી અમુક આપની જાણ સારુ બિડાણ કરેલ છે. ખેડૂતો અને APMCના ખેતીલક્ષી ઉદ્યોગોના હિતને જોતાં ખેતીલક્ષી વ્યવહારોને ૨% ટી.ડી.એસ.ની જોગવાઈમાંથી બાકાત રાખવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**ભાર્ગવ ઠક્કર**
**ઉપ-પ્રમુખ**

Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

૩૧ ઓગષ્ટ, ૨૦૧૯

7973

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
માનનીય પ્રધાનમંત્રીશ્રી
ભારત સરકાર
નવી દિલ્હી.

**વિષય :બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઇ દૂર કરવા બાબત.**

**માનનીય પ્રધાનમંત્રીશ્રી,**

આપની સહકુશળતા ઇચ્છુ છું !

સૌ પ્રથમ આપશ્રી દ્વારા ખેડૂતલક્ષી અને નાના ઉદ્યોગોને સફળ બનાવવા જે નિર્ણય લેવામાં આવ્યા છે અને વહીવટી તંત્રને પારદર્શિતા માટે આપશ્રીને અભિનંદન પાઠવીએ છીએ.

ઉપરોક્ત વિષય બાબતે આપને જણાવવાનું કે ભારત સરકારના નાણામંત્રીશ્રી દ્વારા તા. ૫-૭-૨૦૧૯ના રજુ થયેલ બજેટ મુજબ તા. ૧-૯-૨૦૧૯ થી બેન્ક ખાતામાંથી રૂા.૧ કરોડથી વધારે રોકડ રકમની ઉપાડ ઉપર ૨% ટી.ડી.એસ.ની કપાતની જોગવાઇ લાગુ કરવામાં આવશે, જેના પગલે ખેડૂતો અને APMCઓને તેમના વ્યાપાર અર્થે રોજ-બરોજના વ્યવહારો તથા ખડૂતોને ઉત્પાદીત માલના વેપાર વ્યવહાર પર પ્રતિકૂળ અસર થવા પામશે. આપશ્રી જાણો છો તેમ ખડૂતો પોતાના રોજીંદા વ્યવહારમાં રોકડની રકમની જરૂરિયાત વધુ રહે છે. જેવા કે બીયારણની ખરીદી, ખાતર, દવાઓ, ખેત મજૂરોને ચૂકવવી પડતી મજુરી, પ્રોસેસીંગ ખર્ચ અને ભાડું વિગેરેની ચૂકવણી રોકડ સ્વરૂપમાં કરવી પડતી હોય છે. રોજબરોજની ઘરવખરીની ચીજ-વસ્તુઓ પણ રોકડમાં જ લેવામાં આવે છે.

Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

માર્કેટ યાર્ડમાં ખેડૂતો જ્યારે પોતાનો ઉત્પાદીત માલના વેચાણ અર્થે આવે છે ત્યારે તેનું વળતર રોકડમાં સ્વીકારવાનો જ આગ્રહ રાખે છે. જેથી બજેટની જોગવાઇ મુજબ ૨% ટી.ડી.એસ. કપાતની અસર ખેડૂતો કમિશન એજન્ટ પાસેથી રોકડની માગણી કરશે ત્યારે ૨% કપાત ખેડૂતોને ભોગવવી પડશે જેનું ખૂબ મોટું નુકશાન ખેડૂતોને ભોગવવું પડશે અને તેની અસર કમિશન એજન્ટના મહેનતાણા ઉપર પણ પડશે. જેના કારણે આર્થિક વ્યવસ્થામાં રોકડ તંગી ઉભી થશે.

ઉપરોક્ત વિષય પર ગુજરાત ચેમ્બરને વિવિધ માર્કેટયાર્ડ અને APMC તરફથી રજૂઆત મળેલ છે જેમાંથી અમુક આપની જાણ સારુ બિડાણ કરેલ છે. ખેડૂતો અને APMCના ખેતીલક્ષી ઉદ્યોગોના હિતને જોતાં ખેતીલક્ષી વ્યવહારોને ૨% ટી.ડી.એસ.ની જોગવાઇમાંથી બાકાત રાખવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**ભાર્ગવ ઠક્કર**
**ઉપ-પ્રમુખ**

**નકલ રવાના,**
**શ્રી નીતિનભાઈ પટેલ**
**માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી,**
**ગુજરાત સરકાર,**
**ગુજરાત રાજ્ય**